3119
G

राष्ट्रीय अभिलेखागार पुस्तकालय
NATIONAL ARCHIVES LIBRARY
भारत सरकार
Government of India
नई दिल्ली
New Delhi

आह्वानांक Call No. ____________

अवाप्ति सं० Acc. No. 3119

॥ वंदे मातरम् ॥

॥ जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयमी ॥

# કિસાન રણ ગીત

સંવત ૧૯૯૬



ઇ. સ. ૧૯૩૯

## ઈન્કિલાબ—ઝીન્દાબાદ




કર્તા : પ્રકાશક

ઠાકોરભાઈ કહાનદાસ પટેલ.

વલસાડ



પ્રથમ આવૃત્તિ ] — [ પ્રત ૨૦૦૦

કીંમત એક આનો

# હાઇકલાસ બીસ્કીટ

—: બનાવનાર :—

## ધી દેસાઇ સાયન્ટીફીક બીસ્કીટ વર્કસ.

ખત્રીવાડ—**વલસાડ.**

—બ્રાન્ચીઝ : (શાખાઓ)—

**બીલીમોરા** સ્ટેશન નજીક.

**નવસારી** ગોવાગેટ સામે.

**મુંબાઈ** ૧૮૪ ઠાકોરદ્વાર રોડ.

ખાસ શિઆળાની સીઝન માટે
ભરપુર વસાણાથી બનાવેલું લહેજતદાર
અડદીઉં, સાલમપાક, અમૃતપાક તૈયાર મળશે.

## ધી સુરતી આરોગ્ય ભુવન

હમારે ત્યાં ચોકખા ઘીની તાજી મિઠાઇઓઃ—
ઘારી, મેસુર, દહીંતરાં, ફરસીપુરી, સુતરફેણી, ગુલાબ-
જાંબુ, મગજ, દરેક જાતનો દળ, તથા ચોકખા દુધના
માવાના પેંડા, બરફી, કોપરાપાક, દુધીનો હલવો,
— વિગેરે તૈયાર મળશે. —

તેમજ તાજાં અને ચોકખાં તેલનું ફરસાણઃ—
સેવ, ગાંઠીઆ, ચેવડો, કચોરી, પાતરાં,
ભજીચાં, ખમણ, અમીરી ખમણ,
બટાકાવડા તૈયાર મળશે.

સુકો હલવો તથા બદામી હલવો,
તાજો તૈયાર મળશે.

—(૦)—

લગ્ન પ્રસંગે દરેક જાતનો માલ ઓર્ડરથી
મનપ્રસંદ બનાવી આપીશું.

—: માલીક :—
ભાવસાર પરાગભાઇ મોતીભાઇ
મલાવ તળાવ—વલસાડ.

Lit. 1102/7613

નં. ૫૦૧ નહાવાના તથા ધોવાના

# સાબુ તથા

ટાટા કુંપનીના

# હેર ઓઇલ

ના એકલા એજન્ટ.




દરેક જાતની વુલન
અને કોટન
હોઝયરી મળશે.

ફાઉન્ટન પેન

સેઇલર, કેપ્ટન,
એવીશાર્પ અને
એરથોસ ફાઉન્ટન
પેનના એજન્ટઃ—

# જી. સી. કાપડીઆ

મોટા ખત્રીવાડ—વલસાડ.

— દરેક જાતની અને ડીઝાઈનની —
છુટક તથા જથાબંધ ટોપીઓ વેચનાર તથા
—: ઓર્ડર પ્રમાણે બનાવી આપનાર :—

કારખાનું

# ટોપીવાળા
## સુરજલાલ બ્રધર્સ
ડીસ્પેન્સરી રોડ—વલસાડ.

બ્રાન્ચ : (શાખા)

# જશવંત કેપ માર્ટ
મેઇનરોડ, ખત્રીવાડ—વલસાડ.

હાઇકલાસ જશવંત કેપ
ઉંચામાં ઉંચુ કાપડ — વજનમાં હલકી
કાગળ વગરની દરેક રીતે વાળી શકાય છે
— છતાં ભાંગતી નથી —
ચોમાસામાં સહેલાઇથી વાપરી શકાય છે.
**કીંમતમાં બજાર ભાવ કરતાં**
**ઘણીજ કીફાયત હોય છે.**
**એકજ વખત ખાત્રી કરવા વિનંતી છે.**

બ્હારગામના ઓર્ડરો વી. પી. થી રવાના
કરવામાં આવે છે.

# આઇસ-બરફ

ખાસ ફીલ્ટર કરેલા પાણીમાંથી
બનાવેલો ગરમીની સીઝનમાં અને
હંમેશાં જરૂર હોય ત્યારે
તૈયાર મળશે.

## લગ્નસરા અને પાર્ટીઓ

માટે જરૂર હોય ત્યારે
નીચે જણાવેલા સરનામે
લખો અથવા મળો—

## ધી અંબર આઇસ ફેકટરી

## વલસાડ.

વેપારીઓને સ્પેશીઅલ ભાવ.

કારખાનું બારે માસ ચાલુ છે

# ....પ્રસ્તાવના....

" કિસાન રણગીત "ને આવકાર મળતાં મને ઘણો આનંદ થાય છે.

રાષ્ટ્રિય ચળવળના પ્રભાતે રાષ્ટ્રગીતો અને સ્વરાજ્ય ગીતો લખાયા ને તેના સંગ્રહ પ્રગટ થયા, તેમ કિસાનો અને મજુરોની લડત આજે જામતી જાય છે. ત્યારે તેમના શોષણ અને મુક્તિનાં ગીતો લખાય એ સ્વાભાવિક છે.

" કિસાન ગીતો " નામનો પહેલો સંગ્રહ બીરાદર પાંગારકરે પ્રગટ કર્યો તેની નકલો હવે બધી ખપી ગઈ છે. ખેડા જીલ્લાના અને સંખેડા વાઘોડીઆના કિસાન સેવકોએ કંઈક કંઈક કિસાન ગીતો પ્રગટ કર્યાં છે, અને કરે છે. તેવે પ્રસંગે રાષ્ટ્રિય લડતના એક અદના સિપાઈ ભાઈ ઠાકોરભાઈએ હવે વલસાડ પારડી કિસાનોની લડતમાં ઝુકાવ્યું છે. તેથી તેઓ પારડી તાલુકા કિસાન પરિષદને ટાંકણે તેમણે બનાવેલા કિસાન રણગીતનો ટુંકો સંગ્રહ આજે રજુ કરે છે. તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. ને તેમની પડખે ઉભા રહી તેમને પ્રોત્સાહન અને પ્રેરણા આપનાર દક્ષીણ ગુજરાતના બુઝર્ગ છતાં નવજુવાન સહાયક ભાઈ બરજોરજી વીકાજીનો આપણે ઉપકાર માનીશું.

આ ગીતોની તુલના કેવળ સાહિત્યની દ્રષ્ટિથી કોઈ ન કરે આજે કિસાન ચળવળની ઉષા પ્રગટે છે. તેથી આ ગીતોમાં ઉંચી કળા ન સંભવે પણ તે ગીતોમાં કિસાનોના સુખ દુઃખનો આશા નિરાશાનો પડઘો પડે છે. અને કેટલાક ગીતો તેમને સમજાય એવી વાણીમાં તેમને જાગૃત થઈ પોતાના વ્યાજબી હકક માટે લડવા પ્રેરે છે. તેથી તે કિસાનોમાં તે ગરીબ જનતામાં ઘણા લોકપ્રિય થશે અને ઝુંપડીએ ઝુંપડીએ અને સભાએ સભામાં ગવાશે એવી આશા રાખું છું.

વલસાડ તા ૩-૧૨-૩૯ ઈન્દુલાલ યાજ્ઞિક

NATIONAL ARCHIVES LIBRARY
No. 3119
Date 28.8.72
GOVT. OF INDIA



# દશાઈ ડેરી

લક્ષ્મીનારાયણ મોહલ્લો—વલસાડ

ચોકખું દુધ, દહીં, ઘી માખણ,
છાશ દહીંના માવો ઉપ-
રાંત શીખંડ બાસુદી

વેચનાર

## ખેડુતો માટે ખાસ

ચોખ્ખું દુધ તથા ઘી જથ્થાબંધ ખરીદનાર
પાર્ટી, મીજલસ, લગ્ન વિગેરે પ્રસંગે
વખતસર ઓર્ડરનો માલ
કાળજીપુર્વક પુરી પાડવામાં
આવે છે.

એકવાર ખાત્રી કરવા વિનંતી છે.

# કિસાન રણગીત.

## ઇન્કિલાબ ઝીન્દાબાદ

ઇન્કિલાબ ઝીન્દાબાદ, ગુંજે આઝાદીનો નાદ—ટેક.
આઝાદી ઘર આવે આજ,
થોડા દિનમાં ખેડુત રાજ;
કિસાનો જગના શિરતાજ, ઇન્કિલાબ ઝીન્દાબાદ.
ધન શોષણની જુલ્મી રીતી,
જમીનદારની લૂંટણ નીતિ;
ગુલામીની આપે યાદ, ઇન્કિલાબ ઝીન્દાબાદ.
ખેડુ મજુરનું ભાવી રાજ,
જુલ્મીઓ થાશે તારાજ;
ઘર ઘર ગુંજે મૂક્તિ નાદ, ઇન્કિલાબ ઝીન્દાબાદ.

—:૦:—

## ક્રાંતિનો ઝંડો ઉઠાવો.

(રાહ—શુદ્ધીનો ડંકો બજાવો)

ક્રાંતિનો ઝંડો ઉઠાવો,
ભૂમંડળ માંહિ આજે, ક્રાંતિનો ઝંડો ઉઠાવે—ટેક.
ખેડુ મજુરનું લોહી સીંચેલો,
શોષિતની આઝાદી કેરો;
અણનમ ઉડે આકાશ, ક્રાંતિનો ઝંડો ઉઠાવો.
બલિદાન શક્તિનો પ્રેરક,
વીરોની વીરતા ઉત્તેજક;
ગગને ઘૂમતો ચોપાસ, ક્રાંતિનો ઝંડો ઉઠાવો.
નિર્બળને બળ જોતાં આવે,
શત્રુદળ ઝટ શિર ઝુકાવે;
ઉડતો ઉન્નત આકાશ, ક્રાંતિનો ઝંડો ઉઠાવો.

## ઉઠાવ ઝંડો ક્રાંતિનો.

ઉઠાવ ઝંડો ક્રાંતિનો,
પ્રચંડ ઝંડો બળવાનો,
ઝંડો આપણ લોહી સીંચેલો
કિસાનની આઝાદી કેરો. ૧

ધરતી ફોડી ધાન્ય ઉગાડયા,
મીલ ચલાવી વસ્ત્ર બનાવ્યા;
આભ અડંતા મહેલ સજાવ્યા,
અમે બનાવ્યા છતાં ન પામ્યા. ૨.

ઘામ ધીખતા ઉગ્ર ઉન્હાળે,
કડકડતા એ ક્રુર શિયાળે;
ચોમાસાની મુશળધારે,
કાયા દળવી શોષક કાજે. ૩

મૂડીવાદની આંધી ઉઠે,
માલભર્યાં ગોદામો ઉભરે;
વસ્ત્ર વિના કંગાલો થથરે,
મરે બિચારા બાળક ભૂખે. ૪

નફાખોરીના જુદ્ધો જાગે,
તોપ બોમ્બના મારા વાગે;
લાખો લોક ગરિબ કપાયે,
પૈસાદારની દોલત કાજે. ૫

ઘણું રીબાયા ઘણું પીસાયા,
ખૂન પસીના ખૂબ વહાવ્યાં;
દોલતમંદો કાજ ભોંસાયા.
હવે અમે સૌ ઉઠવાના. ૬

આલમના અય મજદુર જાગો
કિસાન ને શોષિત સહુ જાગો
બુલંદ અવાજે આભ ગજાવો
ઝંડો લાલ ચલો ફરકાવો. ૭

શાહીવાદ ને મૂડીદારો,
જમીનદાર ને મહારાજાઓ;
શોષકની અય જુલ્મી જમાતો
સૂર્ય ઉગે છે રાતો રાતો. ૮

વિનાશના તવ ડંકા બાજે,
ઘોર નાશની નોબત ગાજે;
જુગ તરસ્યા–ભૂખ્યા જન જાગે,
જુગજુગના સૌ હિસાબ માગે. ૯

અહીંથી ડગલું હઠવું નહિ,
સંધીની પણ વાતો નહિ;
મ્હોત તણી પરવા પણ નહિ,
વર્ગશત્રુના ભુક્કા કરવા. ૧૦

શાહીવાદને દફનાવીશું,
મૂડીવાદના ભૂક્કા કરશું;
મજુર સત્તા સ્થાપન કરશું,
કિસાન સત્તા સ્થાપન કરશું. ૧૧

વર્ગ વિનાની દુનિયા કાજ, ઉઠાવ ઝંડો ક્રાન્તિનો.

(રણગીતમાંથી)

## કિસાન લોહી શોષણ

(રાહ—મેરા મૌલા બુલાલે મદીને મુંજે)

લોહી કિસાન કેરા ચૂસાય રહ્યા,
ધન ધાન્યને ઢોર લૂંટાય રહ્યા—ટેક.

પહાડ જંગલ તોડીને, ફળદ્રુપમય ખેતી કરી,
ધાન્યના ઢગલા બનાવે, રાત દિન જાતે રળી;
તોએ ખાવા મળે નહિ કાંઇ જરા—લોહી.

ફળદ્રુપ ખેતી જોઇને, દૃષ્ટિ ઠરી શાહુકારની,
દોરી લોટે આવીઓ, નીતિ ગૃહી ધીરધારની;
જુઠા લેખા લખી સહુ લૂંટી રહ્યા—લોહી

દશ દઇને સો લખે, બમણું થતાં વરસે બીજે,
વ્યાજ બદલે ચોગણું, લેવાય તોએ ના રીઝે;
ઘર મીલ્કત ખેતી નામે લખ્યા—લોહી.

ગણોતીઆ વળી ભાગીઆ, ખેડુ મટી હારી થયા,
રળતર હમારા લોહીની, ખેંચી રહ્યા ના રહી દયા;
ભૈયા પઠાણ રાખી પીટાવી રહ્યા—લોહી.

ગુલામીથી નાસી છુટે તો, કાયદો લે હાથમાં,
દાવા જુઠા ઉભા કરી, સીધો ધકેલે જેલમાં;
જુલ્મી જુલ્મની રાખે ન કાંઇ મણા—લોહી.

મીલકત બધી મૂડીદારની, મૂડીદાર આ સરકાર છે,
મૂડી વીના કીંમત નહિ, મૂડીદારનોજ અવાજ છે;
મૂડી વીનાના ઠોકર ખાઈ રહ્યા—લોહી.

ચૂસણનીતિથી છુટવા, લોહી તમારા આપજો,
મૂડીવાદને દફનાવીને, કિસાન સત્તા સ્થાપજો;
દીન રહેનાર માટે ન હોય દયા—લોહી.

૫

## કિસાનોની કરૂણતા

( રાહ—રકત ટપકતી સો સો ઝોળી )

કરૂણ કથની કિસાનોની, સૌના દીલ પીગળાવે,
મહેનત મજુરી કરતાં તોએ, ખાવા અન્ન ન પામે;
ટૂકડા રોટી માટે રે....,
રળાવે મામુલી દામે—કરૂણ.

ખાધું પીધું લખે લંગોટી, દેવાના થર ખડકે,
કારી મહેનત જતી મફતમાં, કાયમ દેવું લટકે;
દિન રાત સતાવે રે....,
રળાવે ચાબુકના ફટકે—કરૂણ.

મીલ્કત લૂંટી, ખેતી ઝૂંટી, ઝૂંટયા ઢોર હમારા,
ઝૂપડાં ઝૂંટી, કર્યા રખડતા, ગયા વતન અમ પ્યારા;
ગુલામી જીવન ખારૂં રે....,
દુઃખીના રાહ સૌ ન્યારા—કરૂણ.

કોઈ જગતમાં નથી હમારૂં, પશુસમ જીવન અકારૂં,
લોહી ચસાયા, ચામ ચૂંથાયા, રૂંધાયું જીવન સારૂ;
દેવાના દુઃખમાં ડુબ્યા રે....,
પડયો આઝાદી પોકારૂં—કરૂણ.

હાંકલ સૂણી આઝાદી કેરી, ઝંખુ મૂક્તિ પ્યારી,
ક્રાંતિનો કર ઝંડો ધારી, ડોલાવું દુનિયા સારી;
ઈન્કિલાબ પોકારૂં રે....,
આવે પ્યારી આઝાદી—કરૂણ.

૬

# મૂડીવાદના ભોગ

(રાહ—પરદેશી લૂટારા...)

મૂડીદારી નીતિથી, કિસાનો સૌ લૂંટાય છે
કિસાનો સૌ લૂંટાય છે, મજુરો પણ સૌ ચુસાય છે—ટેક.

દિન રાત કિસાનો કસતા, તાપ તાઢ મહીં તન ઘસતા,
લોહીનું પાણી કરતાં, કિસાનો સૌ ચુસાય છે-મૂડીદારી.

પાક પાકે યા નવ પાકે, દેવું કરી મહેસુલ આપે;
રૂઢી બમણીના પાપે, કિસાનો સૌ ચુસાય છે-મૂડીદારી.

છે કુવા તળાવો સુકાં, હીમાયત કરતી લુખાં;
પીત બ્હાને શોષાતા, કિસાનો સૌ ચુસાય છે-મૂડીદારી.

જ્યાં માગ્યાં મેહ ન વરસે, ત્યાં ધાન્ય પુરાં કેમ ફળશે?
આનાવારીથી મરશે, કિસાનો સૌ ચુસાય છે-મૂડીદારી.

ગૌચરણો સૌ વેચાયા, પશુ ધન સઘળા અવટાયા;
ગણો તે લૂંટાયા, કિસાનો સૌ ચુસાય છે-મૂડીદારી.

રોગચાળે ખેતી બગડે, હીમ વાદળનો ભય સઘળે;
ભાવ સદાથી ગગડે, કિસાનો સૌ ચુસાય છે-મૂડીદારી.

હુંડીયામણથી શોષાયે, નહિ ભાવે પાક પોષાયે;
ઘર દ્વારે લૂંટાયે, કિસાનો સૌ ચુસાય છે-મૂડીદારી.

જમીનદારી જાગીરદારી, કિસાનને કંસનારી;
લઈ ગણોત ચુસનારી, કિસાનો સૌ ચુસાય છે-મૂડીદારી.

શાહુકારી મૂડીદારી, જમીનદારી અવિચારી;
પાયમાલી કરનારી, કિસાનો સૌ ચુસાય છે-મૂડીદારી.

શાહુકારી ચુસણ રીતિ, પરદેશી લૂંટણ નીતિ;
શાહીવાદી ભીતિથી, કિસાનો સૌ ચુસાય છે-મૂડીદારી.

## શ્રમજીવીની લોહી તરસી

(યમન કવાલી-રાહ કૃષ્ણજીની લાડલી...)

શ્રમજીવીની લોહી તરશી, આ બધી દુનિયા વસી—ટેક.

કિસાન સૌ કચડાય છે, મજુરો બધા ચુસાય છે;
લાખો જન શોષાય છે, ધનવાન ત્યારે થાય છે—શ્રમજીવીની.

અન્ન બધું ઉતપન્ન કરે, તોએ છતાં ભૂખે મરે;
શાહુકાર મહેલાતો ચણે, જ્યાં ઝુંપડી પણ ના મળે—શ્રમજીવીની.

રાત દિન મીલમાં રળે, ને વસ્ત્ર ભંડારો ભરે;
ફાટયા તૂટયા કપડે ફરે, ઠંડી મહીં તાઢે મરે—શ્રમજીવીની.

જ્યાં ત્યાં બધે ભટકી વળે, નવ દાદ કો કાને ધરે;
શિકાર સૌના થઇ રહે, જીંદગી બધી છુટી પડે—શ્રમજીવીની.

લોહી ભરી મજુરી રળી, દુનિયા બધી ઉભી કરી;
ખાવા કદી મળશે નહિ, મૂડીવાદી જ્યાં રચના રહી—શ્રમજીવીની.

---

## મૂડીવાદી-નાશ

મૂડીવાદી નીતિનો નાશ કરો
નાશ કરો નવી રચના કરો (રે)—ટેક.

મીલમાંહી મજુરો પીશાય મરે,
દિન રાત રળી ચુસાય અરે;
શકિત હિન થતાં ભિખ માંગી ફરે—મૂડીવાદી.

કામદારો કારીગર કાયા કસે,
લોહીભીની કમાણી ન હાથ નસે,
પઠાણી વ્યાજ ભરતાં પુરો કસે—મૂડીવાદી.

તાપ તાઢને વર્ષા માંહી રળે,
ખેડુ મજુરો લોહીનું પાણી કરે;
પુરૂં ખાવા મળે નહિ અન્ન અરે—મૂડીવાદી.

લોહી તરસી રીતિ મૂડીવાદી નીતિ,
શ્રમજીવીનું જીવન, ચુસે અતિ,
લાખો લૂંટી બને, એક લક્ષ્મીપતિ—મૂડીવાદી.

—(૦)—

## ન સેવા દેશની કીધી

( ગઝલ-રાહ-મલ્હાર કે છોરે )

વસી નિજ માતૃ ભૂમિમાં, ન સેવા દેશની કીધી;
ગુલામી દૂર કરવાને, ફકીરી ના જરા લીધી-ટેક
ન લોહ્યાં દીનનાં આંસુ, ન આંસુ આંખથી સાર્યાઃ
દીલાસો ના જરા દીધો, ન બાંધવ દેશના તાર્યા-વસી
અહરનિશ ખાનપાન મહીં, અનેરા કોડ કંઇ સાધ્યા;
જીવનભર જન્મ ભુમિને, ચુસિને દિન કંઇ કાઢયા-વસી
ખરે નિજ દેશને ભુલી, ભુલ્યા આદર્શ ભારતમાં;
વિદેશી મોહમાં ફસતાં, ફસાવ્યો દેશ સ્વારથમાં-વસી
ઋણી થઈ માતૃભુમિના, ન મુકિત દેશની કીધી;
ભુમિને ભારથી મારી, ન દીક્ષા દેશની લીધી-વસી
ન કુરબાની જરા શિખ્યા, ન અર્પ્યું દેશને જીવન;
થઇ નિજ દેશના દ્રોહી, ન દીધું દેશને તનમન-વસી

——:o:——

## દેશના જાયા

(ગઝલ-રાહ—મલ્હાર કે છોરે...)

ખરાં જે દેશના જાયા, મરે નિજ ભૂમિને માટે
મરે નિજ ભૂમિને માટે, ખરેખર જીવને સાટે-ટેક
ડુભાતો દેશ દેખીને, હૃદય જેનું સદા બળતું;
પરાધિનતા નિહાળીને, અંતરનું રકત ઉકળતુ-ખરાં જે.
જીવનભર દેશને માટે, ફકીરી પ્રેમથી ધારે;
જીવન ધન દેશને અર્પી, દુઃખીના દુઃખ વિદારે-ખરાં જે.
સગા સ્ત્રી બાળને છોડી, જીવનની આહુતિ આપે;
નોધારાં દેશ બાંધવના, જીવનની જયોત પ્રગટાવે-ખરાં જે.
પરાધિન દેશને માટે, ન્યોચ્છાવર આ જીવન કરતા;
મરણને પ્રેમથી ભેટી, સીંચન નિજ રકતનું કરતા-ખરાં જે.

———

## કિસાન નહિ ડરશે

( રાહ-નહિ રખની નહિ રખની )

નહિ ડરશે નહિ ડરશે (૨)
કિસાન કોથી નહિ ડરશે-ટેક

ધરતી માતાનો એ જાયો, કિસાન જગનો તાતે કહેવાયો;
જગનો પાલનહાર, કોથી નહિ ડરશે-નહિ

પહાડ જંગલને ધરતી ફોડી, ખેતર કીધાં ઢેફાં તોડી;
અન્ન પેદા કરનાર, કોથી નહિ ડરશે-નહિ

ચોમાસા શિયાળુ ટાઢે, ધીખ ધીખતા ખરા ઉનાળે;
કાયાનો કસનાર, કોથી નહિ ડરશે-નહિ

જીવતાં મરતાં જગને માટે, ધાન્ય બનાવે જીવના સાટે;
રાત દિવસ રળનાર કોથી નહિ ડરશે-નહિ

જનની જન્મ ભુમિનો જાયો, ભૂમિપૂત્ર કિસાન કે'વાયો;
જંગલમાં રહેનાર, કોથી નહિ ડરશે-નહિ

## નિડર કિસાન

અમે ડરતા નથી હવે કોઈથીરે,
ભલે શાહુકાર કે સરકાર હોય-ટેક

શાહુકારી જુલમ નહિ સાંખીએરે,
ખોટા ખાતા નામા ઈન્કારીએરે;
ભલે ચોપડાઓ ખોલી ખોલી જોય—અમે

ગાળ ધમકીના વેણના દબાવશેરે,
નહિ ભૈયા પઠાણ હવે ડારશેરે;
ભલે ભાલાને ડાંગ હાથ હોય—અમે

લખી શરતો ગુલામી મન ફાવતીરે,
ટાંચ જપ્તીને કેદ છો આવતીરે;
ભલે પોલીસની ટુકડી હોય—અમે

ખોટા ખાતા ને ચોપડા ફેંકાવશુંરે;
ગઈ મીલ્કત અમારી લાવશુંરે;
ભલે કાયાથી શિર છુંટુ થાય—અમે

## ડંકો કિસાનનો વાગે

(રાહ—નાગર વેલીઓ રોપાવ...)

સારી દુનિયામાં આજે, ડંકો કિસાનનો વાગે—ટેક.

નાના મોટા સમાન સઘળા,
વર્ગ ભેદના મળે ન ઝગડા;
સુખ શાંતિમાં રાચે, ડંકો કિસાનનો વાગે—સારી.

ભૂખ્યા કોઈ ન સૂવા પામે,
રહેતી સુંદર ઉપવન ધામે;
મહાલે સ્વર્ગ મહીં જાણે, ડંકો કિસાનનો વાગે—સારી.

જમીનના માલિક નવ કોઈ,
ખેડે તેની ખેતી હોઈ;
સત્તા કિસાનની સાચે, ડંકો કિસાનનો વાગે—સારી.

સુખના સાધન સઘળા માટે,
મહેનત મજુરી કરતાં જાતે;
યાચક કોઈ નહિ યાચે, ડંકો કિસાનનો વાગે—સારી.

જમીનદારી શાહુકારી નહિ જયાં,
મુડીવાદની હસ્તી નહિ ત્યાં;
સત્તા સમાજની સાચે, ડંકો કિસાનનો વાગે—સારી.

જોર જુલમ નહિ જેલ જણાયે,
ચોર લૂંટારૂ કોઈ ન હોયે;
દુનિયા આનંદે નાચે, ડંકો કિસાનનો વાગે—સારી.

ખેડુ મજુરનું સ્વરાજ સાચું,
જનતાને સુખ મળતું ઝાઝું;
શ્રમજીવીના કાજે, ડંકો કિસાનનો વાગે—સારી.

---


## અખિલ ભારત ચરખા સંઘ

### પ્રમાણિત ખાદી ભંડાર.

**પોસ્ટ ઓફીસ નજીક, વલસાડ.**

**ગરીબોને રોટી આપનાર પ્રમાણિકતા ખાદી ખરીદો ખાદીમાંજ સાચો સામ્યવાદ છે ખાદીમાં સ્વાર્થ અને ફરજ સમાયેલ છે.**

૧૧

## ક્રાંતિ મચાવીશું

(રાહ—ભારતકા ડંકા આલમમાં...)

કિસાન મજુર જગાડીશું, ઘરઘરમાં ક્રાંતિ મચાવીશું;
ઘરઘરમાં ક્રાંતિ મચાવીશું, શાંતિમય બળવો જગાડીશું—ટેક.
શાહુકારી જુલમને હઠાવીશું,
મુડીદારીને દફનાવીશું;
શાહીવાદને સાપ બનાવીશું, ઘરઘરમાં ક્રાંતિ મચાવીશું.
કિસાન જગતને પોષે છે,
શાહુકારો સૌને ચુસે છે;
ઘર ખેતી ખેડુતનાં લુંટે છે, ઘરઘરમાં ક્રાંતિ મચાવીશું.
ધોળે દિન લુંટ ચલાવે છે,
ખેડુતને ચોર બનાવે છે;
પઠાણુથી ડંડા ચલાવે છે, ઘરઘરમાં ક્રાંતિ મચાવીશું.
ગુલામી વેઠ કરાવે છે,
જુઠ લેણા બાકી કાઢે છે;
ખોટા દાવા કરીને સતાવે છે, ઘરઘરમાં ક્રાંતિ મચાવીશું.
કેદ જપ્તીનું રાજ ચલાવે છે,
પોલીસના ધાડાં લાવે છે;
ત્રાહી ત્રાહી ખેડુતને કરાવે છે, ઘરઘરમાં ક્રાંતિ મચાવીશું.
દિન ખેડુતની ક્યાંય દાદ નહિ,
મરતાં ભુખે ફરિયાદ નહિ;
ગુલામી જીવન બરબાદ સહી, ઘરઘરમાં ક્રાંતિ મચાવીશું.
ઉઠો, જાગો કિસાનો એક બનો,
ક્રાંતિનો ઝંડો ફરકાવો;
પડકારી જગતના જુલમીને, ઘરઘરમાં ક્રાંતિ મચાવીશું.

---

## યુદ્ધ આમંત્રણ

( રાહ-ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજોરે, )

ડંકો વાગ્યો કિસાનો, યુદ્ધે આવજોરે,
યુદ્ધે આવજોરે, જંગે આવજોરે---ટેક
શાહુકારી, શોષણ. નહિ સાંખશુંરે;
નહિ સાંખશું રે, નહિ જોઇશુંરે—ડંકો
મુડીદારી સામે, જંગ ખેલશુંરે;
જંગ ખેલશું રે, માથા મેલશું રે—ડંકો
ખોટાં ખાતાં લેણા, નહિ આપશું રે;
નહિ આપશું રે લીધું માગશું રે—ડંકો
ખોયું લેવા હમારૂં, લોહી આપશુંરે;
લોહી આપશું રે, હાંકી કાઢશું રે—ડંકો
પકવ્યા પાકો હમારે, હાથ રાખશું રે;
હાથ રાખશું રે, નહિ આપશું રે—ડંકો
ભાગ બદલે ગણોત દોઢી આપશું;
દોઢી આપશું રે, ન્યાયે આપશું રે—ડંકો
જુલ્મી સામે પોકારે, બળવો પ્રેમથી;
બળવો પ્રેમથીરે, જીતવા નેમથી રે—ડંકો
સંપે કરજો સત્યાગ્રહ, રહી સંઘમાં રે;
રહી સંઘમાં રે, જઈ જંગમાં રે—ડંકો
દુનિયા ભરમાં કિસાન સત્તા સ્થાપશું રે
સત્તા સ્થાપશું રે, મુકિત પામશું રે—ડંકો

**અખિલ ભારત ગ્રામ ઉદ્યોગ સંઘ**
**પ્રમાણિક ગ્રામ ઉદ્યોગ મંદિર**
**વ્ય. ત્રીકમભાઇ ધનજીભાઇ મેઇન રોડ-વલસાડ.**
દરેક જાતના હાથ છડના ચોખા દાળ, વગેરે છુટક જથાબંધ **મળશે.**
હાથ બનાવટના કાગળ કવર નોટબુક, સાબુ વગેરે મેળવવાનું
ખાત્રી લાયક **એકજ સ્થાન.**

## કૂચ—ગીત

કુચ...કરો કુચ...કરો,
કિસાનો સૌ કુ....ચ કરો;
ભારતની આઝાદી કાજે, કિસાનો સૌ કુ...ચ કરો—ટેક
જમીનદારના જુલ્મો નામે,
શાહુકારના શોષણુ સામે;
બંડ કરો બંડ કરો, કિસાનો સૌ બંડ કરો—કુ...ચ
મુડીવાદની જુલ્મી જમાતો,
શાહીવાદના સત્તાધીશો;
દૂર કરો દૂર કરો, દુનિયામાંથી દૂર કરો—કુ...ચ
ખેડુ મજુરની મુકિત કાજે,
લોક તંત્ર મેળવવા આજે;
ક્રાંતિ કારો, ક્રાંતિ કારો, કિસાનો સૌ ક્રાંતિ કરો—કુ...ચ

---

## કુચ-ગીત

ભૂમંડળમાં ગુંજે નાદ, ઇન્કિલાબ ઝીન્દાબાદ.
કિસાનોનો મુકિત સાદ, ઇન્કિલાબ ઝીન્દાબાદ.
ખેડુ મજુરો હોશિયાર, ઇન્કિલાબ ઝીન્દાબાદ.
શ્રમજીવીનો તારણહાર, ઇન્કિલાબ ઝીન્દાબાદ.
શોષિતો પોકારે શાદ, ઇન્કિલાબ ઝીન્દાબાદ.
સ્વતંત્રાની આપે યાદ, ઇન્કિલાબ ઝીન્દાબાદ.
નોધારાં નો છે આધાર, ઇન્કિલાબ ઝીન્દાબાદ.
જુલ્મીનો ઉતારે ભાર, ઇન્કિલાબ ઝીન્દાબાદ.
દુનિયાભરની એકજ આશ, ઇન્કિલાબ ઝીન્દાબાદ
શહીદોનો અંતિમ શ્વાસ, ઇન્કિલાબ ઝીન્દાબાદ.
સૌનિકોનો છે ઉત્માદ, ઇન્કિલાબ ઝીન્દાબાદ.
આઝાદીનો વજય. નાર, ઇન્કિલાબ ઝીન્દાબાદ.

——(૦)——

## કે. એલ. ગાંધી એન્ડ વૈદ્યની કુંપની.

એન્ડર્સન રોડ, સામે-વલસાડ

હમારો-સુપ્રસિદ્ધ

# દ્રાક્ષાસવ

વૈદીક શાસ્ત્રિય પદ્ધતી મુજબ બનાવેલ હમારી
અકસીર દવાઓ.

રતવાની તથા દરેક જાતના ચાંદાની દવા.
એક રતલનો રૂા. ૧-૪-૦ છે અને
ખરજવાની શીશી નંગ ૧નો રૂા. ૦-૬-૦ પોસ્ટ જુદુ.
લોહીવા તથા પ્રદરની ૧૫ દિવસની દવા.
રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદુ,
ઉપલી દવાઓ જ્યાં ડોકટર વૈદ કામ કરી શકતા
નથી ત્યાં આરામ કરે છે ખાત્રી કરવા ભલામણ છે

---

# વિદ્યાર્થીઓને જરૂરી

હમારે ત્યાં અંગ્રેજી પહેલા ધોરણથી સાતમા
ધોરણ સુધી તથા ગુજરાતિ સઘળા
ધોરણો માટેના નિશાળોમાં મંજુર
થએલા નવા તથા જુના પુસ્તકો
ઉપરાંત સ્ટેશનરી સામાન
.......મળશે........

બુકસેલર:-

**શા. જયસુખલાલ મથુરાદાસ**

મોટા બજાર-વલસાડ.

## ઘટાડો! ઘટાડો!! ઘટાડો!!!

ફાઉન્ટન પેનના ભાવમાં બેહદ ઘટાડો
દરેક જાતની અમેરીકન, ઈંગ્લીશ અને જર્મન ફાઉન્ટન
પેનો જેવી કે પારકર, કેપ્ટન, કેમલ, ઓટામા, સેલર,
પેરેડાઈઝ માર્ટીન અને બ્લુબર્ડ હમારે ત્યા
ઘણાંજ ઘટાડેલા ભાવે મલશે.

**મુકુલ હેરઓઇલ**
આયુર્વેદાશ્રમ ફાર્મસીનું ખરી જતાં વાળ અટકાવવા
અને સફેદ વાળ કાળા બનાવવા મુકુલ અને
નોત્રાસ્નો અને બ્રીલ્યનટાઈન
ભૃંગરાજ હેર ઓઇલ વાપરો.
—ચહેરાની ખુબસુરતી માટે—

**ગોવીંદ વી. બલસારા.**
મેઇન રોડ, વલસાડ.

(૦) લગ્ન પ્રસંગે રસોઇનો ઓર્ડર લેનાર (૦)

## સૌરાષ્ટ ભુવન હિન્દુ લોજ.

જમવા માટે ઉમદા સગવડ
ફરસાણ તથા મીઠાઇના વેપારીઃ-
માલીક. હરગોવિંદ માધવજી જોશી
મેનેજર. જયંતિલાલ માધવજી જોશી
મલાવતળાવ-વલસાડ.

શાસ્ત્રીય પધ્ધતિ મુજબ સંગીત શીખવનાર,
તથા
મેલાવડા અને લગ્ન પ્રસંગની મહેફીલમાં ઉત્તમ
પ્રકારના સંગીતનો આનંદ આપનાર.
પ્રોફેસરઃ- **મોહનલાલજી મ્યુઝીશીયન.**
પારસીવાડ-વલસાડ.

## સરકારીનું એન્ટી-એસથમા મીક્ષ્ચર




દમ હાંફણુ માટે અકસીર દવા છે. આ દવા પીવાથી છાતીમાં થતી ગભરામણને તરત આરામ આપે છે, તેમજ રાત્રીએ ઉંઘ પણ સારી આવે છે. દમ અને હાંફણના દરદીઓ માટે આ દવા એક ઉત્તમ ઈલાજ પુરવાર થઈ છે.

## સરકારીનું સ્પેશ્યલ કફ મીક્ષ્ચર.

ગળાનો ખખળાત, શરદી, ઈન્ફ્લુએન્ઝા, ખાંસી (ચાલુ તથા લાંબા વખતની) અને છાતીના બીજા દર્દો તથા ઉમરે પુગેલાં અને ઘરડાંઓ માટે રામબાણ ઈલાજ.

બનાવનારઃ—

## એમ. સી. સરકારી ડીસ્પેનશરી

થોડા વખતમાં સુંદર અને સસ્તા કામ માટે વખણાએલું એકજ સ્થાન.

# સુરેશ પ્રીન્ટીંગ પ્રેસ

## વલસાડ.

બાળપોથીથી મેટ્રીક સુધીના અંગ્રેજી યા ગુજરાતી તથા હિન્દી કોઈ પણ પુસ્તકો જોઈતા હોય યા વેચવા હોય યા બાઈન્ડીંગ કરવવા હોય તો જરૂર મલો

## શા. નવનીતલાલ ગોકળદાસ-વલસાડ

# જયુપીટર
# વોચ કુંપની

## મેઇનરોડ—વલસાડ.

નાના મોટા સુંદર ડીઝાઇનના

# ઘડીયાળો

ગેરંટી સાથે વેચનાર.
તથા કાળજીપુર્વક રીપેર કરનાર
ગ્રાહકના સંતોષ એજ હમારો
નફો છે,

એક વખત મુલાકાત લેવા વિનંતી છે

વર્ષોથી સુરત જીલ્લામાં વખણાએલ
ચોકખા તેલથી બનાવેલું
સ્વાદિષ્ટ **ફરસાણ**
ખરીદવાનું એકજ મથક

# શાન્તી ભુવન

## વલસાડ.

શેવ, ગાંઠીઆ, ભજીઆ, કચોરી, ચેવડો તથા
ફરમાસુ સક્કરપરા વગેરે હંમેશાં
ગરમા ગરમ મળે છે.

## ચોકખા ઘીની મીઠાઇ

મગજ, મેસુર, જલેબી, દહીંતરા, ફરસીપુરી,
વગેરે તૈયાર મળશે તથા
ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
ચોકખા શીરોહી પેંડા મળે છે.
તથા
લહેજતદાર સુરતી પેટીસ બનાવી
આપવામાં આવશે.
પાર્ટીઓ, લગ્નસરા તથા બહારગામના
ઓર્ડરો પર પુરતું ધ્યાન આપવામાં આવે છે.

**માલીક—જેઠાલાલ જીવણરામ જાની**

શાન્તી ભુવન—વલસાડ.

# દીક્ષીત એન્ડ કું



અજમેરી મુઠા ( બરૂની ખુરશી )

## વલસાડમાં વખણાયલી પાંચ ચીજો

હાફુસ કેરી, ગોળ, ટીંબર, ચોખા
અને ઘાસ સસ્તે ભાવે ખરીદી
મોકલી આપીશું.

ઉપરાંત ખેડૂત ભાઇઓને દરેક માલ
વ્યાજબી બજાર ભાવથી
વેચી આપવામાં આવશે.

ખેડુતભાઈઓ પાસેથી ચોખ્ખું દુધ
પણ જથાબંધ લેવામાં આવશે.

## બલસાર હારનેસ વર્ક્સ.

વસનજી ભીખાભાઇ — મેઈનરોડ વલસાડ

વલસાડમાં ખાત્રી લાયક કામ માટે પ્રખ્યાતિ પામેલ હમારી એકજ દુકાન છે



હમારે ત્યાં દરેક જાતના હાઇકલાસ હારનેસ જેવાં કે—**સીંગલના, વિકટોરીઆના, ડબલગાડીના, (ટાંગાના) બગીના,** વિગેરે બનાવનાર અને રીપેર કરનાર. જે સારામાં સારા ગ્રેસીલેધરના બનાવવામાં આવે છે. જેમાં કોઇપણ જાતના કાગળો (પેપરો) નો ઉપયોગ કરવામાં આવતો નથી. જેની હમો ખાત્રી આપીએ છીએ.

દરેક જાતના હાઇકલાસ સેડલો જેવા કે:— **હાફ મીલીટરી ડબલ, હાફ મીલીટરી સીંગલ, રાઇડીંગના,** રાઇડીંગને લગતો દરેક જાતનો સામાન વિગેરે સારા ગ્રેસી લેધરના બનાવનાર અને રીપેર કરનાર.

**દરેક જાતના સારણ ગાંઠના પટાઓ:—Truss ( Hornia Rupture )** જેવા કે-ડાબા સાઇડના, જમણા સાઇડના અગર બંને સાઇડના સારામાં સારી સ્પેશીયલ સ્ટીલ અને સ્પેશીયલ ઈંગ્લીશ ફેલ્ટથીજ બનાવનાર અને રીપેર કરનાર.

હમારે ત્યાં ઘોડાગાડીને લગતો દરેક જાતનો સામાન જેવા કે—**ફાનસ, (લેમ્પ) બેલ, બ્રાશ, લગામ, નમદા ( ફેલ્ટ ) ઘુઘરા, સેડલસોપ, ચાબુક** વિગેરે કીફાયત ભાવે મળે છે.

ઈન્જીનીયરીંગને લગતા **વાયસરો, લેશો, પટાઓ** હમો બેસ્ટ મદ્રાસી લેધરના બનાવીએ છીએ લેધર માટે (નીટસ ફુટ) **ઓઇલ** હમારે ત્યાંથી મળશે.

હમારે ત્યાં ઘોડાગાડી, મોટર, સોફા, ગાડી, તકીઆને માટે **લેધર કલોથ, રેકઝાઇન લેધર** વિગેરે મળશે.

ફેક્ટરી (કારખાનું)

# ભરતીયા સીલવર એન્ડ મેટલ વર્કસ.

# પારડી.

બ્રાન્ચ (શાખા)

## ઠાકોરદ્વાર રોડ,

## જીતેકરની ચાલ,

## મુંબઇ.

હમારે ત્યાં ઈનેમલ દરેક જાતના
દાગીનાઓ, બટન, ઘુઘરા, લોકેટસ
ઉપરાંત દરેક ડીઝાઈનના મેડલ મળશે.
જથ્થાબંધ બનાવનાર તથા વેચનાર

સુંદર ફોટા પાડનાર
એન્લાર્જ કરનાર
સીનેમા સ્લાઈડ બનાવનાર:-

# પ્રભાત આર્ટ સ્ટુડીઓ

માલીક:-
જયંતિલાલ બી. અધવર્યુ
મેઇનરોડ-વલસાડ

દરેક સાઈઝની ફીલમ પેપર,
પ્લેઇટસ વગેરે છુટક
તથા
જથાબંધ વેચનાર:-
એક વખત પધારી ખાતરી કરવા
વિનંતિ છે.

ફેક્ટરી (કારખાનું)

# ભરતીયા સીલવર એન્ડ મેટલ વર્કસ.

## પારડી.

બ્રાન્ચ (શાખા)

## ઠાકોરદ્વાર રોડ,

## જીતેકરની ચાલ,



## મુંબઇ.

હમારે ત્યાં ઈનેમલ દરેક જાતના
દાગીનાઓ, બટન, ઘુઘરા, લોકેટસ
ઉપરાંત દરેક ડીઝાઈનના મેડલ મળશે.
જથ્થાબંધ બનાવનાર તથા વેચનાર

સુંદર ફોટા પાડનાર
એન્લાર્જ કરનાર
સીનેમા સ્લાઈડ બનાવનાર:-

# પ્રભાત આર્ટ સ્ટુડીઓ

માલીક:-

જયંતિલાલ બી. અધવર્યુ
મેઈનરોડ-**વલસાડ**

દરેક સાઈઝની ફીલમ પેપર,
પ્લેઇટસ વગેરે છુટક
તથા
જથાબંધ વેચનાર:-

એક વખત પધારી ખાતરી કરવા
વિનંતિ છે.

ૐ

વલસાડમાં જુનામાં જુની દુકાન

# મીસ્ત્રી
# ડાહ્યાભાઇ કેસુરજીની
# કુંપની.

ફર્નીચર મેકર એન્ડ બીલ્ડીંગ કોન્ટ્રાકટર

## હાલર રોડ-વલસાડ.

હાલની મોડર્ન ડીઝાઇનના તથા જુની પદ્ધતિના
વિવિધ જાતની ડીઝાઇનના સારામાં સારૂ ફરનીચર
મજબુત ફ્રીટીંગ તથા સુંદર પોલીશવાળું
બનાવી આપવામાં આવે છે.

લગ્ન પ્રસંગના ફરનીચરના પદ—
—નવા બંગલાના રૂમો
શણગારવા માટે ખાસ મુંબઇથી અમદાવાદ
સુધીના ગ્રાહકો હમારે ત્યાંથી ફરનીચર ખરીદ
કરી હમોને યશ આપી રહ્યા છે.

એકજ વખત મુલાકાત લેવાથી ખાત્રી થશે

ચાલ ચલાવ માલથી સાવધાન !

યાંત્રિક જમાનામાં વપરાતા પૈસાનો પુરો લાભ મળે એજ નહીં છે.

ઓછી મહેનતે સારો લાભ મેળવવો એજ કુનેહભરી હોંશિયારી છે.

ઉત્તમ ખેતી ક્યારે ?




પુરતું પાણી આવે ત્યારે.

માણસથી :—: એન્જીનથી :—: ઇલેકટ્રીકથી
ધોધમાર પાણી કાઢવાના

## સ્વદેશી અને સર્વોત્તમ બનાવટના

# પંપ વાપરો.

—:બનાવનાર:—

સેન્ટીફ્યુગલ હેન્ડ એન્ડ ઇલેકટ્રીક

## પંપ

કાંટા, વજન–તોલા અને મશીનરી.

| વેચનાર | કામ કરનાર |
| --- | --- |
| મશીનરી, પટા, પુલ્લી, બેરીંગ, દોરી, પેકીંગ, ઇલેકટ્રીક સામાન, મોટર ડાયનેમા વગેરે | દરેક જાતની મશીનરી, રીપેરીંગનું ગોઠવવાનું, પાઇપ કનેકશનનું ઇલેકટ્રીકનું એન્જીનીયરનું અને સાચી સલાહકારનું |

—: ઠેકાણું :—

**પાંચાલ એન્જીનીયરીંગ વર્ક્સ**

હાલર રોડ—વલસાડ.

વૈજ્ઞાનિક ગોઠવણીનો સાચો ખરો ઉપયોગ એજ
શાંત જીવનની નિશાની છે.

'ગંગોત્રી' પ્રીં. પ્રેસ, કણપીઠ ખાંડબજાર, સુરત.